णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
आयओ गुरुबहुमाणो

# એફ-2

## Faith Festival

પ્રિયમ્

**अहो श्रुतम्**

**શા. બાબુલાલ સરેમલજી**

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
આસો (૨), વિ.૨૦૭૬

**F - Series**

એફ-2, એફ-3, એફ-4, એફ-5, એફ-6, ચમત્કારોની દિલધડક દાસ્તાન, God મહાવીર In My Eye, Jainism : વિશ્વની બધી જ સમસ્યાઓનું સમાધાન, Jainisms Social Output

# Really

પ્યોર સિલ્વર ફ્રેમના ચશ્મા મળે
તો મજા આવી જાય.
ગોલ્ડ પ્લેટેડ ફ્રેમ હોય
તો આનંદ થઈ જાય.
૨૪ કેરેટ ગોલ્ડની જ ફ્રેમ હોય
જલસો થઈ જાય
પણ
**જેને આંખ જ ન હોય**
**એને જો આંખ મળી જાય**
**તો એને તો ઉત્સવ થઈ જાય.**
કહેવાતા વિજ્ઞાને જેમની આંખો ફોડી નાંખી છે
ને અંધાપાની સાથે
ડગલે ને પગલે
ખોટું પગલું ભરવાની ભૂલ
એ જ જેમનું જીવન બની ગયું છે
ને પરિણામે જેઓ આવનારા ભવિષ્યને
ભયાનક પીડાઓથી ભરી રહ્યા છે
તેમને ચક્ષુદાન કરવાનો
એક સચોટ અને સફળ પ્રયાસ
એટલે જ
**F-2**
**Ya, This is really a festival for you**
**Go on,**
**Enjoy it.**

# ❀ INDEX ❀


| No. | PRINCIPAL | જૈન આગમ-શાસ્ત્ર | સ્વીકારકર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | આત્માનું અસ્તિત્વ | શ્રીઆચારાંગસૂત્ર | Dr. Brian Weiss | |
| ૨ | પરલોક ગમન | શ્રીઉત્તરાધ્યયનસૂત્ર | Dr. Alexander Canan | |
| ૩ | આગતિ-અજ્ઞાન | શ્રીઆચારાંગસૂત્ર | Adger Kecy | |
| ૪ | સંબંધ-પરાવર્ત | શ્રીવૈરાગ્યશતકસૂત્ર | Dr. Helen Wambach | |
| ૫ | આત્મ-નિત્યતા | શ્રીવિશેષાવશ્યકભાષ્યવૃત્તિ | Leo Tolstoy | |
| ૬ | જાતિસ્મરણ જ્ઞાન | શ્રીયોગબિન્દુ વૃત્તિ | Carl Muller | |
| ૭ | પુનર્જન્મ | શ્રીઉત્તરાધ્યયનસૂત્ર | Dr. Iaan Stevenson | |
| ૮ | સંસરણ | શ્રીઆતુરપ્રત્યાખ્યાનસૂત્ર | Tom Shroder | |
| ૯ | જીવત્રૈકાલિકતા | શ્રીવ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર | Dr. Raiyanor Johnson | |
| ૧૦ | દેહ-અન્યત્વ | શ્રીસંસ્તારકપ્રકીર્ણક સૂત્ર | Sir William Johns & Arther SchopenHauer | |
| ૧૧ | ભવાન્તરગતિ | શ્રીવૃષ્ણિદશાસૂત્ર | Dr. Edward Beeches & Prof. Thomas H. Huxley | |
| ૧૨ | જન્માન્તર | શ્રીપુષ્પિકાસૂત્ર | Annie Besant & Socrates | |
| ૧૩ | જિનભક્તિફળ | શ્રીભક્તપરિજ્ઞાસૂત્ર | William R. Alger | |
| ૧૪ | ભવપરંપરા | શ્રીઋષિભાષિતસૂત્ર | Benjamin Franklin | |
| ૧૫ | Plz. Open your mind | | | |
| ૧૬ | At last | | | |

**P R I N C I P A L**

**– આત્માનું અસ્તિત્વ**

**अत्थि मे आया**

**उववाइए**

શરીરથી જુદો મારો આત્મા છે
જે પુનર્જન્મ લે છે

**જૈન આગમ પરમ પાવન**
**શ્રી આચારાંગસૂત્ર**

ભગવાન શ્રી મહાવીર સ્વામીએ
આ સિદ્ધાન્તનું સ્પષ્ટ બયાન કર્યું હતું
જેને સ્વીકારી રહ્યા છે
અમેરિકાના ટોપ લેવલના
ડૉક્ટર....

# *I'm Dr. Brian Weiss*
## (હું ડો. બ્રાયન વેઈઝ)

હું અમેરિકાની યેલ મેડિકલ સ્કુલનો સ્નાતક છું. ઘણા બધા માનસિક રોગોની સારવારમાં હું રાષ્ટ્રીય કક્ષાએ નિષ્ણાત તરીકે પ્રખ્યાત થયો છું. માયામી બીચમાં આવેલ માઉન્ટ સિનાઈ હોસ્પિટલમાં મનોવિજ્ઞાન વિભાગનો મેઈન ડોક્ટર છું.

**ઈ.સ. ૧૯૮૮ માં મેં એક પુસ્તક લખ્યું – Many lives Many Masters. એ International Best-seller બન્યું હતું. અને આ નવા યુગનું શ્રેષ્ઠ New age classic ગણાતું હતું.**

આ બુકમાં મેં મારી એક પેશન્ટનો ઉલ્લેખ કર્યો છે. કેથરીન. એ એક ૧૮ વર્ષની યુવતી છે. ઈ.સ. ૧૯૮૨ થી ૧૮ મહિના સુધી એને જાત જાતની સારવારો આપવા છતાં એને કોઈ સુધારો થયો નહીં.

છેવટે એના પર હિપ્નોટિઝમના પ્રયોગો કર્યા. તેના દ્વારા તેના બાળપણ કે પૂર્વજન્મની કોઈ મૂંઝવણ કે ડર અંદર ધરબાયેલ હોય, તેને મારે જાણવી હતી.

**આ પ્રયોગમાં કેથરીને ધીમે ધીમે તૂટક તૂટક અવાજમાં પૂર્વજન્મની વાત કહી કે – ''આ ઘટના હતી ઈ.સ. પૂર્વે ૧૮૬૩ ની. હું ઈજિપ્તમાં ૧૮ વર્ષની કન્યા હતી. મારું નામ હતું અરોંડા. મેં લાંબો ડ્રેસ પહેર્યો છે. ખીણમાં મારું ઘર છે. અચાનક પૂર આવ્યું. હું ખૂબ જ ડરીને ગૂંગળાઈને મરી જાઉં છું.''**

બસ, મેં આ ભયની સારવાર કરી, અને એનું સ્વાસ્થ્ય સુધરતું ગયું. પછીના પ્રયોગોમાં તો તેણે ત્યારબાદના જન્મોની પણ વાત કરી. ઈ.સ. ૧૪૭૩ માં તે નેધરલેન્ડમાં યુવાન હતી. નામ હતું દોહાન. એના ગળા પર કાપો મુકીને એને મારી નાંખવામાં આવેલ. પછી ઈંગ્લેંડમાં એક ખ્રિસ્તી ખલાસીરૂપે પછી એરિક નામના જર્મન જહાજચાલક રૂપે, પછી ૧૭૫૮માં યુક્રેઈનમાં એક છોકરારૂપે તેણે જન્મ લીધેલ.

તમને કદાચ વિશ્વાસ ન બેસે તો હું કહી દઉં કે તે કોઈ છેતરી જનાર કલાકાર નથી. તે મારી હોસ્પિટલમાં જ લેબ ટેક્નિશિયન તરીકે કામ કરે છે. એને હું વર્ષોથી સારી રીતે ઓળખું છું. તે ખ્રિસ્તી છે. તેને કોઈ માનસિક રોગ થઈ ગયો હોય, જેનાથી તેનું મન અસ્થિર હોય કે ચસકી ગયું હોય એવું નથી.

**પૂર્વજન્મોની આ સ્મૃતિઓ સાથે તેનો ધર્મ સહમત ન'તો થતો, માટે તે મૂંઝાતી હતી. તેણે પૂર્વજન્મો અને તેના વાતાવરણના જે વર્ણનો કર્યા છે, તે તેની બૌદ્ધિક ક્ષમતાની બહારની વસ્તુ હતી. મેં એ અનુસારે એની ટ્રીટમેન્ટ કરી અને એની હેલ્થ ખૂબ ઝડપથી સુધરતી ગઈ.**

✳

# PRINCIPAL
## – પરલોકગમન

**सकम्मबीओ अवसो पयाइ**
**परं भवं सुंदर पावगं वा**

આત્મા અવશપણે સારા કે ખરાબ
પરલોકમાં જાય છે
સાથે હોય છે
ફક્ત એનું કર્મ.

જૈન આગમ પરમ પાવન
શ્રીઉત્તરાધ્યયનસૂત્ર

ભગવાન શ્રી મહાવીર સ્વામીએ
પોતાના સર્વજ્ઞતાના પ્રકાશમાં આ સિદ્ધાન્ત
જોયો હતો અને તેનો ઉપદેશ આપ્યો હતો.
જેને સ્વીકારી રહ્યા છે
એક ઈન્ટરનેશનલ સેલિબ્રિટી બનેલ
સાયન્ટિસ્ટ...

# *I'm Dr. Alexandar Canan*
## (હું ડો. એલેકઝાંડર કેનન)

હું એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલો વૈજ્ઞાનિક છું. હું વર્ષોથી પુનર્જન્મના સિદ્ધાન્તથી ભડકતો હતો. એને ખોટો પુરવાર કરવા મારાથી બનતું બધું જ કરી છૂટતો. મારા પેશન્ટ્સ જ્યારે ટ્રાન્સમાં હોય, ને પુનર્જન્મના સિદ્ધાન્તને અનુસરતી એમના પૂર્વજન્મોની વાત કરી રહ્યા હોય, ત્યારે હું કહેતો, કે તેઓ મૂર્ખાઈભર્યો પ્રલાપ કરી રહ્યા છે.

પણ જેમ જેમ વર્ષો પસાર થતા ગયા, એક પછી એક દર્દીઓ આવી જ વાત કરવા લાગ્યા, ત્યારે સાચું જાણવા માટે મેં તપાસ શરૂ કરી. આજ સુધીમાં હું એક હજારથી પણ વધારે કેસોની ચકાસણી કરી ચૂક્યો છું. અને મારે કબૂલ કરવું પડે છે કે પુનર્જન્મ એ એક હકીકત છે. એક હજારથી પણ વધુ એ કેસોના દરેક કેસમાં આ જીવનની પહેલાના બે-ત્રણ જન્મ કે તેથી પણ હજારો વર્ષ પહેલા જન્મ થયેલ હોવાનું જાણવા મળેલ છે.

**મેં ફક્ત કલ્પનાઓ નથી કરી. દરેક કેસમાં કડક ચકાસણી કરેલ છે. આજ સુધીમાં (ઈ.સ. ૧૯૫૦) હું કુલ ૧૩૦૦ કેસો તપાસી ચૂક્યો છું. બધામાં મને એકધારો સ્થિર પુરાવો મળતો રહ્યો છે. આ પુરાવો અત્યંત ભૌતિક સિદ્ધાન્તવાદીઓની સામે ટક્કર ઝીલે તેવો છે, ગમ્મે તેવી કટ્ટર, દોષદર્શી અને શંકાશીલ વ્યક્તિ પણ એની ઉપેક્ષા કરી શકે તેમ નથી.**

(સંદર્ભ જન્મ-પુનર્જન્મ - પાન ૩૮)

PRINCIPAL

## – આગતિ–અજ્ઞાન

**इहमेगेसिं णो सण्णा भवइ०**
**अण्णयरीओ वा दिसाओ अणुदिसाओ**
**वा आगओ अहमंसि**

અહીં કેટલાય જીવોને ખબર નથી હોતી
કે હું કઈ દિશા કે વિદિશાથી -
ક્યાં પરલોકમાંથી આવેલો છું ?

**જૈન આગમ પરમ પાવન શ્રી આચારંગસૂત્ર**

ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ૨૬૦૦ વર્ષ પહેલાં જ
સ્પષ્ટ કહ્યું હતું કે
''આત્મા છે જ.
પરલોક પણ છે જ.
આત્માઓ પૂર્વના જન્મમાંથી જ આ જીવનમાં આવ્યા હોય છે.
પણ મોટા ભાગના આત્માઓને ખબર જ નથી હોતી,
કે તેઓ કયા જન્મમાંથી અહીં આવ્યા છે ?''
તો હવે મળીએ એવી વ્યક્તિને
જેણે આ સિદ્ધાન્તને પ્રેક્ટીકલી પ્રુવ કરી દીધું
અને આખા અમેરિકાને હલબલાવી દીધું...

# *I'm Adger Kecy*
## (હું એડગર કેસી)

હું એક અમેરિકન છું. હું નવમા ધોરણ સુધી પણ ભણ્યો નથી. પણ હું 'વર્જિનિયા બીચના ચમત્કારિક માનવી' તરીકે ઓળખાઉં છું. Surprised no ? સાંભળો એનું કારણ.

મારી ઉંમર જ્યારે ૨૧ વર્ષની હતી, ત્યારની વાત છે. હું માંદો પડ્યો. એમાંથી સાજો તો થયો પણ મારી બોલવાની શક્તિ જતી રહી. હું ટોટલી મૂંગો થઈ ગયો. મને સાજો કરવા માટેની બધી જ ટ્રીટમેન્ટ ફેઈલ ગઈ.

એક વાર એક હિપ્નોટિસ્ટ મને ટ્રાન્સમાં લઈ ગયો. એ દશામાં હું બોલવા લાગ્યો. પણ જાગ્યા બાદ હું બોલી ન શક્યો. એ વખતે મારી પાસે એક શિખાઉ હિપ્નોટિસ્ટ પણ હાજર હતો, એણે વિચાર કર્યો કે હું ટ્રાન્સમાં બોલી શકું છું, તો મારા મૂંગાપણાનું કારણ કદાચ એ વખતે મારી પાસેથી જ જાણી શકાય. એણે અખતરો કર્યો અને કમાલ. હું એક ડોક્ટરની અદાથી ડોક્ટરી પરિભાષામાં મારા પ્રોબ્લેમનું નિદાન એનું કારણ અને એની કરેક્ટ ટ્રીટમેન્ટ બોલી ગયો. એ જ રીતે મારી ટ્રીટમેન્ટ થઈ અને હું પહેલાની જેમ બોલતો થઈ ગયો.

**ધીમે ધીમે આ વાત ડોક્ટર્સ સુધી પહોંચી. તેઓ પોતાના ગૂંચવાડાભર્યા કેસોમાં મારું માર્ગદર્શન લેવા લાગ્યા. Can you imagine ? મેં આ રીતે બીજાના કેટલા હેલ્થ રીડિંગ્સ કર્યા હશે ? ત્રીસ હજાર.**

સમય ગયો ને મારામાં એવી કેપેસીટી આવી ગઈ, કે હું પેશન્ટની ગેરહાજરીમાં પણ નિદાન કરી શકવા લાગ્યો. મને ફક્ત એટલું જ કહેવું પડતું કે દર્દી કયાં સ્થળે છે. હું પોતમેળે ટ્રાન્સમાં સરી પડતો અને જાણે હું એનો X-Ray જોતો હોઉં એમ બોલવા લાગતો. આજે પણ ડોક્ટર્સ મારા રેકોર્ડ્સ ફંફોળે છે.

હવે હું વાત કરી રહ્યો છું ૧૯૨૩ ના ઓગસ્ટ મહિનાની ૧૦ મી તારીખની. મારી પાસે એક વ્યક્તિ આવી. એ અમેરિકાના ઓહાયો-રાજ્યમાં રહેતી હતી. એનું નામ હતું - આર્થર લેમર્સ. એ એક શ્રીમંત પ્રકાશક હતો. એણે એના મિત્ર પાસે મારી શક્તિ વિષે સાંભળ્યું. એને વિચાર આવ્યો કે જે માણસ પાસે આવી અતીન્દ્રિય શક્તિ છે તે માણસ સદીઓથી મૂંઝવી રહેલા ગૂઢ કોયડા જેમ કે - માનવજીવનનો હેતુ શો છે ? મૃત્યુ પછી શું થાય છે ? - આ બધાને ન ઉકેલી શકે ?

**એ મને મળવા અમેરિકાના આલબામા-રાજ્યમાં આવ્યો. મેં પહેલી જ બેઠકમાં કહી દીધું કે એ પૂર્વભવમાં એક સાધુ હતો. મને પણ ત્યારે જ ખબર પડી કે હું પૂર્વભવમાં પણ ડોકિયું કરી શકું છું.**

અહીંથી મારા લાઈફ રીડિંગ્સ શરૂ થયા. હું પૂર્વજન્મની વાત પણ જણાવતો અને ગતજીવનની વર્તમાનજીવન પર કેવી અસર પડશે એ પણ જણાવતો. મેં જે વ્યક્તિને કદી જોઈ પણ ન હોય, એના સ્વભાવ, ખાસિયતો, માનસિક વિકાસ, નિદાન,ઉપચાર, આગાહીઓ વગેરેના પણ હું ચોક્કસ નિર્દેશો આપતો. જે બધું જ આશ્ચર્યજનક રીતે સાચું પડતું.

**ઈ.સ. ૧૯૪૫ માં ૬૮ વર્ષની ઉંમરે મારું ડેથ થયું. મારા પ્રશંસકોએ મારા નામે એક સંસ્થા ઊભી કરી. જેમાં મારા ૩૦,૦૦૦ હેલ્થ રીડિંગ્સ અને ૨,૫૦૦ લાઈક રીડિંગ્સ સાચવી રાખ્યા છે. મારા કારણે અમેરિકામાં પુનર્જન્મના સિદ્ધાન્તને પ્રતિષ્ઠા મળી.**

✵

# PRINCIPAL

## – સંબંધ પરાવર્ત

जणणी जायइ जाया
जाया माया पिया य पुत्तो य ।
अणवत्था संसारे
कम्मवसा सव्वजीवाणं ।।

માતા મરીને પત્ની થાય છે
પત્ની મરીને માતા થાય છે, પિતા થાય છે
ને પુત્ર પણ થાય છે
સંસારમાં કર્મને કારણે
સર્વ જીવોમાં આવી અનવસ્થા છે.

**જૈન શાસ્ત્ર પરમ પાવન શ્રી વૈરાગ્યશતક સૂત્ર**

ભગવાન શ્રી મહાવીર સ્વામીએ
અનેક શાસ્ત્રોમાં સંબંધપરાવર્તનો સિદ્ધાન્ત
અને તેના ઉદાહરણો કહ્યા છે.
જેનો પડઘો પાડી રહ્યા છે
અમેરિકાના એક ટોપ લેવલના
સાયકોથેરાપિસ્ટ....

# *I'm Dr. Helen Wambach*

## (હું ડૉ. હેલન વેમ્બેચ)

હું એક સાયકોલોજીસ્ટ છું. હિપ્નોટિઝમ દ્વારા વ્યક્તિને પૂર્વજન્મની સ્મૃતિ કરાવવાના વિષયમાં મેં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે. મેં આ વિષયને લગતી Recalling past lives, The evidence from Hypnosis વગેરે બુક્સ લખી છે. એ ઉપરાંત મેં આ વિષયના પુષ્કળ આર્ટિકલ્સ પણ જુદા જુદા મેગેઝીનમાં લખ્યા છે.

મેં પહેલા સાયકોલોજીનો સ્ટડી કર્યો, પછી વર્ષો સુધી સાયકોલોજીનો સ્ટડી કરાવ્યો, ત્યાર પછી માનસિક રોગોના દર્દીઓને લગભગ ૨૦ વર્ષ સુધી Psychotherapy – ની સારવાર આપી.

આટલા વર્ષોમાં મને અનુભવ થયો કે પ્રત્યેક દર્દીનો અલગ પ્રશ્ન છે ને તેની અલગ સારવાર છે. મને પ્રશ્ન થયા કે સમગ્ર મનુષ્યજીવનનું રહસ્ય શું છે ? આપણે શા માટે જન્મ્યા છીએ ? બધી લાગણીઓ, સંઘર્ષો અને આ બધી ચિંતાઓનું શું કારણ છે ? મૃત્યુ શું છે ? જો મૃત્યુ નિશ્ચિત જ છે, તો આપણે જન્મ્યા શા માટે ? એક્ચ્યુલી આપણે કોણ છીએ ? શું આ આપણો પ્રથમ જન્મ છે ? આની પહેલા આપણે ક્યાં હતા ? આના પછી આપણે હોઈશું ? માનવીનું વાસ્તવિક સ્વરૂપ શું છે ?

**આ બધા પ્રશ્નોના સમાધાન માટે મેં હિપ્નોટિઝમ દ્વારા રિસર્ચ શરૂ કર્યું. નાના/મોટાં ગ્રુપમાં હિપ્નોટિક ઈન્સ્ટ્રક્શન દ્વારા હું લોકોને બાળપણ અને છેવટે પૂર્વજન્મ સુધી લઈ ગઈ, અને તેમને પૂર્વજન્મની સ્મૃતિ કરાવી. પછી તેમને અનેક પ્રશ્નો કરીને મેં પૂર્વજન્મની ઘણી બધી માહિતી મેળવી, આ રીતે મેં લગભગ ૭૫૦ જેટલી વ્યક્તિને પૂર્વજન્મને લગતા પ્રશ્નો પૂછ્યા, તેના જવાબોનો અહેવાલ તૈયાર કર્યો. તેનું વર્ગીકરણ અને પૃથક્કરણ કરીને ટકાવારી પ્રમાણે તારણ કાઢ્યું, અને આ બધું એક પુસ્તકરૂપે બહાર પાડ્યું. જેનું નામ છે – Life before life.**

હું એમને જે પ્રશ્નો પૂછતી હતી, તેમાંથી એક પ્રશ્ન એ હતો કે તમારા

આ જન્મના માતા-પિતા, સંબંધીઓ કે મિત્રોનો પૂર્વજન્મમાં તમારી સાથે શું સંબંધ હતો ? લગભગ ૮૭% લોકોએ આના જવાબમાં જુદો જુદો સંબંધ જણાવ્યો હતો. બાકીના લોકોએ આ વિષે ખ્યાલ નથી, એવું જણાવ્યું.

એમાંથી કેટલાંક જવાબો આ મુજબ હતા -

- મારી મમ્મી પૂર્વજન્મોમાં એક વાર મારા સ્ટુડન્ટ હતા, અને મારા પપ્પા એક વાર મારા મોટાભાઈ હતા.
- **મેં ગયા જન્મોથી મારી મમ્મી, બે ફ્રેન્ડ્સ, મારા પપ્પા અને મારા સૌથી નાના ભાઈને ઓળખ્યા છે. મારી મમ્મી મારો નોકર હતી અને મારા પપ્પા મારા પ્રેમી હતા.**
- મારી મમ્મી ગયા જન્મમાં મારી મમ્મી હતી અને એની પહેલાના જન્મમાં મારું બાળક હતી.
- **ગયા જન્મમાં હું સ્ત્રી હતી, ત્યારે મારી મમ્મી મારા પ્રેમી તરીકે હતી.**
- મારા ઘણા પૂર્વજન્મોમાંના એક પૂર્વ જન્મમાં આ વખતની મારી મમ્મીએ આ વખતના મારા પપ્પા અને મને મરાવી દીધા હતા.
- મારી મમ્મી પૂર્વ જન્મમાં મારા પુરુષમિત્ર તરીકે હતી, મારા પપ્પા મારી પત્ની હતા. જેમની સાથે હું ખરાબ રીતે વર્તાવ કરતો. (Life before Life- Page 93-97)

છે ને આશ્ચર્યજનક હકીકતો ! મારી આ બુકથી અમેરિકામાં જાણે તોફાન મચી ગયું. ખ્રિસ્તી રૂઢિચુસ્તોને આ કાર્ય અજુગતું લાગ્યું. વૈજ્ઞાનિકોને પણ આ ન ગમ્યું. કારણ કે આ પુસ્તક દ્વારા સિદ્ધ થતી પૂર્વજન્મ અને પૂનર્જન્મની માન્યતા તેમના મંતવ્યોથી તદ્દન વિરુદ્ધ જતી હતી. ઘણા લોકોએ મારી સાથે ઘણી બધી વાર Face to Face ડિસ્કસ કર્યું. ટી.વી., ન્યૂઝ પેપર્સ અને જર્નલ્સમાં આ અંગે જાત જાતના વિરોધી મંતવ્યો રજુ થયા.

**વર્ષોનું અંધારું એકદમ દૂર થઈ જાય, તો આંખો અંજાઈ જ જાય ને ? Well, એમને જેટલી બૂમો પાડવી હતી એટલી પાડીને તેઓ ચૂપ થયા. સત્ય તો સત્ય જ રહ્યું.**

# PRINCIPAL
## – આત્મ–નિત્યતા

**जीवस्य नित्यत्वान्न**
**परलोकाभाव इति ।**

આત્મા નિત્ય છે
એનો કીદ પણ નાશ થતો નથી.
માટે પરલોક છે જ.

**જૈન આગમ પરમ પાવન**
**શ્રીવિશેષાવશ્યક ભાષ્ય વૃત્તિ**

ભગવાન શ્રી મહાવીર સ્વામીએ
એમના અનંત જ્ઞાનથી સૃષ્ટિનું સત્ય જોયું
કે આત્મા શાશ્વત છે.
નથી એની ***Starting*** કે નથી એનો ***End***
માટે જ મૃત્યુ પછી પણ
એનું અસ્તિત્વ હોય જ છે.
આ જ વાતનો સ્વીકાર કરી રહી છે
અમેરિકાની એક હાઈ લેવલની ઈન્સ્ટીટ્યુટ
અને એક વર્લ્ડ ફેમસ સ્કોલર...

## *I'm an Institute*

(હું – એક ઈન્સ્ટીટ્યુટ)

**મારું નામ છે ડ્યૂક પેરાસાયકોલોજી ઈન્સ્ટીટ્યુટ. હું અમેરિકામાં છું. હું અને બીજી પણ સંસ્થાઓ જાતિસ્મરણ-પુનર્જન્મની ઘટનાઓનો અભ્યાસ કરી રહ્યા છીએ. આ ઘટનાઓ ખૂબ બહોળા પ્રમાણમાં, ખૂબ જ વિશ્વસનીય રૂપે અને પૃથ્વીના લગભગ દરેક ખંડમાં લાઈટમાં આવી રહી છે. જેની વિજ્ઞાને નોંધ લીધા વિના ચાલે એમ નથી.**

એક્ચ્યુલી ફક્ત નોંધ જ નહીં સિરિયસલી એનો સ્ટડી પણ શરૂ થયો છે. અમે એ જ કામ કરી રહ્યા છીએ. અમારા રિસર્ચથી જે પરિણામો મળી રહ્યા છે, તેનાથી પુનર્જન્મને ન માનનારા અમારા વેસ્ટર્ન કન્ટ્રીઝ ખળભળી ગયા છે. અમારે ત્યાં ધાર્મિક સંસ્થાઓએ પણ પુનર્જન્મને સ્વીકૃતિ નથી આપી, ત્યાં પણ ડેફિનેટ રિઝલ્ટ્સથી પુનર્જન્મનો સિદ્ધાન્ત ઝડપભેર માન્ય બની રહ્યો છે.

✻

## *I'm Count Leo Tolstoy*

(હું – કાઉન્ટ લિયો ટોલ્સ્ટોય)

હું રશિયાનો વર્લ્ડફેમસ લેખક અને તત્ત્વચિંતક છું. હું ઈચ્છું છું કે તમે મને સમજશો. **હું જેની વાત કરવા જઈ રહ્યો છું તે – પૂર્વજન્મ અને પુનર્જન્મ, એ રમત નથી, શોધ નથી, મને આમાં ભરોસો છે, હું એને નિઃસંશય જોઉં છું. આપણું આ જીવન હજારો જીવનમાંનું એક છે. મૃત્યુ પછી પણ આપણે જીવનમાં પ્રવેશી જઈશું, આ પ્રક્રિયા અવિરત ચાલુ રહે છે, અંતિમ સુધી, જે ખૂબ જ વાસ્તવિકતા ધરાવતું જીવન છે – ભગવાનનું જીવન.**

(Re incarnation - Page-226)

✻

## PRINCIPAL

### – જાતિસ્મરણજ્ઞાન

**जातिस्मरकादिसंवादात्**
**जीवकर्मादेरतीन्द्रियस्यापि**
**निश्चयः सम्पद्यते इति ।**

જેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હોય,
એટલે કે
પૂર્વના જન્મો યાદ આવ્યા હોય
તેમણે કહેલી વાતની સાબિતીઓ મળે
તેનાથી
આત્મા, કર્મ વગેરે અતીન્દ્રિય વસ્તુઓની પણ
ખાતરી થઈ શકે છે.

**જૈન શાસ્ત્ર પરમ પાવન**
**શ્રી યોગબિન્દુ વૃત્તિ ગ્રંથ**

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ
જે વાસ્તવિકતાને જોઈ અને બતાવી
એને ખાતરી સાથે સ્વીકારી રહ્યા છે
વર્લ્ડના ટોપ લેવલના સ્કોલર્સ...

## I'm Carl Muller

### (હું – કાર્લ મુલર)

હું ઈન્ટરનેશનલ સ્પિરિચ્યુઆલિસ્ટ ફેડરેશનનો પ્રેસિડેન્ટ હતો. આ સંસ્થા ઝ્યુરીચ-સ્વિટ્ઝરલેન્ડમાં આવેલી છે.

**અમે અમારી સંસ્થામાં ખાસ પ્રકારની ૭૦૦ ઘટનાઓનું વિભાગીકરણ કર્યું છે. આ ઘટનાઓ જુદા જુદા દેશોની છે. અને છેલ્લા ૮૦ વર્ષના ટાઈમ-પિરિયડની છે. એ દરેક ઘટનાનો સ્ટ્રોન્ગ સ્ટડી કર્યા પછી અમે ચોક્કસ કહી શકીએ કે પુનર્જન્મનો ઈન્કાર કરવો ખૂબ ખૂબ મુશ્કેલ છે. એક પણ અપવાદ વગર એ દરેક ઘટના પુનર્જન્મને ખાતરીપૂર્વક સાબિત કરે છે.**

હા, કેટલાક ગૌણ મુદ્દા ઉપસ્થિત થાય છે, જેમ કે સ્ત્રી મટીને પુરુષ કે પુરુષ મટીને સ્ત્રી થાય કે નહીં ? મૃત્યુ તથા નવા જન્મ વચ્ચે કેટલો ટાઈમ-પિરિયડ રહે ?... વગેરે. છતાં પુનર્જન્મની મૂળભૂત હકીકતની તરફેણ કરતો પુરાવો પ્રબળ છે. (જન્મ-પુનર્જન્મ, Page-૩૭)

✻

## I'm Plato

### (હું – પ્લેટો)

હું એક વિશ્વ પ્રસિદ્ધ ગ્રીક તત્ત્વજ્ઞાની છું. મેં કહ્યું છે કે દરેક જન્મ-મૃત્યુના અનુગમનમાં તમે જેવા કર્મ કરશો, તેવું ભોગવશો. કામના જ પુનર્જન્મનું કારણ છે. **મનુષ્ય પોતાના પૂર્વજન્મોનું સ્મરણ કરી શકે છે.** જો તેણે આ જીવન-મરણના ચક્રમાંથી છૂટવું હોય તો તેણે બધા જ પ્રકારના ભોગવિલાસને તિલાંજલિ આપવી પડશે.

✻

**P R I N C I P A L**

## – પુનર્જન્મ

**तेणावि जं कयं कम्मं सुहं वा जइ वा दुहं ।**
**कम्मुणा तेण संजुत्तो गच्छई उ परं भवं ।।**

તે આત્માએ પણ જે કર્મ કર્યું હોય
શુભ કે અશુભ
તે કર્મ સાથે તે બીજા ભવમાં જાય છે,
જ્યાં એનો બીજો જન્મ થાય છે.

જૈન આગમ પરમ પાવન
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

ભગવાન શ્રીમહાવીરસ્વામીએ
મૃત્યુ પછીના જીવનને પોતાના જ્ઞાનની આંખે જોયું
અને તેને યથાર્થ જણાવી આપ્યું
જેને ૧૦૦% સાચું સાબિત કરી રહ્યા છે.
અમેરિકાના ટોપ લેવલના ડોક્ટરના
ટોપ લેવલના રિસર્ચ્સ...

# *I'm Dr. Iaan Stevenson*

## (હું – ડો. ઈઆન સ્ટીવન્સન)

હું વર્જિનિયા યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાનનો પ્રોફેસર છું. હું માનવમનના અભ્યાસમાંથી પરામનોવિજ્ઞાન સુધી પહોંચી ગયો ને એક મનોવૈજ્ઞાનિક બની ગયો. ૧૯૬૦ માં મારા એક Essay ને ઈનામ મળ્યું. એનું નામ હતું. – The evidence for survival from claimed memories of former incarnations. બધાનું ધ્યાન એના પર ખેંચાયું હતું.

અમેરિકાની એક સોસાયટી છે – American Society for Metaphysical Research. આ સોસાયટીએ મારું એક પુસ્તક છાપ્યું. જેનું નામ છે. Twenty cases suggestive of Reincarnations. પુનર્જન્મ પર આજ સુધીમાં જેટલા પુસ્તકો લખાયા હતા, તેમાંથી આ પુસ્તક સૌથી વધુ લોકમાન્ય બની શકયું. ડેનિયલ કોહેને આ પુસ્તકને આ રીતે બિરદાવ્યું – વૈજ્ઞાનિક કસોટીમાં પાર ઉતરી શકે તેવું આ પુનર્જન્મવિષયક પુસ્તક છે.

**મેં છેલ્લા કેટલાક વર્ષોમાં આખી દુનિયામાં ફરીને લગભગ ૩૦૦૦ જેટલા કેસ ભેગા કર્યા છે. તે દરેકમાં પૂર્વજન્મની સ્મૃતિ પ્રુફ સાથે સાચી સાબિત થાય છે.**

તમે કલ્પી ન શકો એટલી મહેનત મેં આ પ્રસંગો ભેગા કરવા માટે કરી છે, મને જ્યારે જ્યારે આવા કોઈ ઈન્સીડેન્ટની જાણ થાય એટલે હું રિસર્ચ ચાલું કરી દઉં. એ વ્યક્તિ પાસે પહોંચુ, એની વાત સાંભળું, એના પૂર્વજન્મના સ્થાને જાઉં, પાક્કી તપાસ કરું, જાણે હું કોઈ વકીલ કે ડિટેક્ટીવ હોઉં એ રીતે તપાસ કરું, એના સંબધીઓ અને પૂર્વજન્મના સંબંધીઓના ઈન્ટરવ્યૂઝ લઉં. એ બધા જ ઈન્ટરવ્યૂઝનું રેકોર્ડિંગ કરી લઉં. ને ફરી સઘન તપાસ કરું.

**Can you believe ? મેં ૧૯૬૬ થી ૧૯૭૭ સુધી દર વર્ષે લગભગ ૫૫૦૦૦ માઈલની મુસાફરી કરી છે. ભારતીય પ્રસંગોની ઊંડી તપાસ**

માટે હું ભારતમાં પણ ઘણી વાર આવી ચૂક્યો છું. મેં ખૂબ ખૂબ મહેનત કરી આ બધા રિસર્ચથી ડેફિનેટલી પ્રુવ કર્યું છે, કે પુનર્જન્મ એ એક સોલિડ રિયાલિટી છે. જો પુનર્જન્મ ન હોય તો આ બધી ઘટનાઓ ઘટી જ ન શકે.

✳

## PRINCIPAL

### – સંસરણ

**जह उप्पज्जइ दुक्खं दट्ठव्वं सहावओ णवरं ।**
**किं किं मए ण पत्तं संसारं संसरंतेणं ?।।**

તને જ્યારે પણ દુઃખ આવે
ત્યારે તું ફક્ત આટલો જ સહજ વિચાર કરજે
કે સંસારમાં સંસરણ કરતા
એક ગતિમાંથી બીજી ગતિમાં જતા
એક જન્મ વીતાવીને બીજા જન્મમાં જતા
મેં કયું કયું દુઃખ નથી પામ્યું ?

**જૈન આગમ પરમ પાવન શ્રી આતુરપ્રત્યાખ્યાન સૂત્ર**

ભગવાન શ્રીમહાવીરસ્વામીએ કહ્યું છે કે
તું તારા આત્માની હિસ્ટ્રીને જો
એના જન્મ-મરણની સાઈકલને જો
એના ભૂતકાળના દુઃખોને જો
પછી તને પ્રેઝન્ટ દુઃખ સાવ જ મામૂલી લાગશે.
ભગવાને ક્લીયર કહેલી આ સાઈકલને
ડીપ રિસર્ચ સાથે એક્સેપ્ટ કરી રહ્યા છે
અમેરિકાના એક હાઈ લેવલના પત્રકાર...

# *I'm Tom Shroder*

## (હું – ટોમ શ્રોડર)

છેલ્લા ૨૦ વર્ષથી હું એક પુરસ્કૃત રિપોર્ટર, રાઈટર અને એડિટર છું. હું 'ધ વોશિંગ્ટન પોસ્ટ' ની રવિવાર પૂર્તિનું સંપાદન કરું છું. પહેલા હું માયામી હેરલ્ડના ટ્રોપિક નામના મેગેઝીનનો એડિટર હતો. મને બે વાર પુલિત્ઝર એવોર્ડ મળ્યો છે.

ડો. ઈઆન સ્ટીવન્સન વિષે મેં સાંભળ્યું. મને ખબર પડી કે એમણે ૩૭ વર્ષથી આખી દુનિયામાં ફરીને પુનર્જન્મની ૩૦૦૦ થી પણ વધારે ઘટનાઓની તપાસ કરી છે. એમણે વૈજ્ઞાનિક ઢબથી એ ઘટનાઓના દસ્તાવેજી પુરાવાઓ પણ તૈયાર કર્યા છે. એ દસ્તાવેજો બહુ મહેનતથી બનાવેલા છે. વિગતવાર છે તથા વિદ્વત્તાભર્યા છે, છતાં હજી સુધી એ જગજાહેર થયા નથી.

મને ઈચ્છા થઈ કે હું એ પ્રસંગો વિષે વધુ રિસર્ચ કરી તેમને પબ્લિશ કરું. વર્ષો સુધી મારી વાટાઘાટો ચાલી. છેવટે ડો. સ્ટીવન્સને મને તેમના સંશોધનને જોવાની પરમિશન આપી. મેં પહેલા એમની સાથે લેબનનમાં સંશોધન કર્યું. પછી ભારતમાં અને પછી ઈસ્ટ અમેરિકામાં સંશોધન કર્યું. મેં આ બધું જ સંશોધન વૈજ્ઞાનિક ઢબે કર્યું હતું.

**આ બધાં જ સંશોધનોના તારણરૂપે મેં એક પુસ્તક લખ્યું. Old Souls. ૧૯૯૯ માં મેં આ બુક પબ્લિશ કરી. એમાં વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે મેં જે રીતે પુનર્જન્મની આશ્ચર્યકારક ઘટનાઓ લખી છે, તે મારા સમર્થકો અને ખંડનકારો બંનેને ચકિત કરી દે તેવી છે. હજારો બાળકોની આ ઘટનાઓ છે. જેમાં તે દરેકે એટલી બધી સૂક્ષ્મ અને ચોક્કસ માહિતીઓ પૂરી પાડી છે, કે જેનાથી એ માનવું જ પડે કે તેમના આ જન્મ પૂર્વે પણ તેઓનું અસ્તિત્વ હતું અને તેઓ પૂર્વજન્મમાં પોતે જે હોવાનું જણાવતા હતા, તે તેઓ ખરેખર હતા જ.**

હિપ્નોટિઝમ દ્વારા લેવામાં આવેલા બયાનોની વાત જુદી છે અને આ બાળકોના બયાનોની વાત જુદી છે. સાવ નાના બાળકોએ સહજ રીતે કહેલા આ વિધાનો છે - જેમાં તેઓ ફોર્સ કરીને રિક્વેસ્ટ કરે છે, કે 'મને મારા ઘરે લઈ જાઓ.' જેમાં તેઓ ચોક્ખું કહે છે કે 'ફલાણા દેશ/રાજ્ય/શહેર/ગામમાં તેમના પૂર્વજન્મના મમ્મી-પપ્પા-પત્ની-પુત્ર-ઘર વગેરે છે.' તેઓ તેમના નામ-સરનામા સાથે બધી જ માહિતી સચોટ આપે છે.

**સાચું કહું, તો હું પણ આત્માને માનવા તૈયાર ન હતો. આ વિષે થોડું ઘણું જાણીને પણ હું નાસ્તિકતા પર અડીને ઊભો હતો, કે 'આનું કારણ પૂર્વજન્મ જ કેમ ?' પણ જેમ જેમ હું રિસર્ચ કરતો ગયો અને જેમ જેમ મને સોલિડ પ્રુફસ મળતા ગયા, તેમ તેમ મારે પરાણે પણ પાછા હઠવું જ પડ્યું. અને નાસ્તિકતા તદ્દન ખોટી છે એવું સ્વીકારવું પડ્યું.**

જ્યારે હું અને ડો. સ્ટીવન્સન ભારત, બૈરુત વગેરે દેશોમાં જઈને અમેરિકા પાછા આવ્યા ત્યારે અમને એક પ્રશ્ન થયો, કે પૂર્વજન્મને સિદ્ધ કરનારી આવી ઘટનાઓ અમેરિકામાં કેમ બનતી નથી ? પણ પછી તો આ જ પ્રશ્નનો જવાબ અમને અમેરિકાના સૌથી પણ વધુ બાળકોના પ્રસંગોરૂપે મળ્યો. જેમાં કનેક્ટીકટના બાળક જીમ, શાર્લોટવિલેના બાળક જોસેફ અને શાર્લોટવિલેની નજીકના એક ગામના બાળક રોબર્ટ - આ ત્રણનું મેં મારી બુકમાં વિસ્તારથી બયાન કર્યું છે.

**જે ફેમિલીસમાં પુનર્જન્મ વિષયક માન્યતાનો સ્વીકાર થયો જ નથી. જેમને પુનર્જન્મ વિષયક કોઈ જ્ઞાન નથી કે નથી જે ફેમિલીમાં એ અંગેની કોઈ વાતચીત, એ બાળકોના મુખે પૂર્વજન્મોની સત્ય હકીકતો સાંભળીને મારી પુનર્જન્મના સિદ્ધાન્તની પ્રતીતિ વધુ દૃઢ થઈ.**

✳

## PRINCIPAL

## – જીવ-ત્રૈકાલિકતા

**सासए जीवे जमाली !**
**जं ण कदाइ णासि० जाव णिच्चे ।**

હે જમાલી !
જીવ શાશ્વત છે
કારણ કે એ ત્રણે કાળમાં હોય છે.
એ કદી ન હતો - એવું નથી
એ અત્યારે નથી - એવું પણ નથી.
એ ભવિષ્યમાં નહીં હોય- એવું પણ નથી
એ અવસ્થિત છે.
ધ્રુવ છે
અને નિત્ય છે.

**જૈન આગમ પરમ પાવન શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર**

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ
ધર્મનો આ Base આપ્યો હતો.
જીવની ત્રૈકાલિકતા
જેને સ્વીકારી રહ્યા છે દુનિયાભરના
અઢળક વૈજ્ઞાનિકો...

# *I'm Dr. Raiyanor Johnson*

## (હું – ડો. રૈયનોર જહોનસન)

**હું મેલબોર્ન યુનિવર્સિટીનો વૈજ્ઞાનિક છું. ઘણા વર્ષો સુધી મેં પરામનોવિજ્ઞાનનો અભ્યાસ કર્યો અને આ વિષયમાં સંશોધનો કર્યા. પછી મેં એક પુસ્તક લખ્યું. – The imprisoned splendour. જેમાં મેં એ બધા જ સંશોધનોને રજુ કરીને છેલ્લે લખ્યું છે – ટૂંકમાં, મૃત્યુ આપણા અસ્તિત્વનો અંત નથી આણી દેતું એવું માનવા માટે આપણી પાસે પૂરતા વિશ્વસનીય પુરાવાઓ છે.** (જન્મ-પુનર્જન્મ પૃ.૪૧)

* * * * * *

ન્યુયોર્કના એક માનસ ચિકિત્સકે સ્પષ્ટ કહ્યં છે કે – એવું લાગે છે કે જન્મ પહેલાનું મનોવિશ્લેષણ આપણને જકડી રહેલ વિજ્ઞાનના ભૌતિકવાદની રહી સહી કડીઓના ભુક્કા બોલાવી દેશે.

(એજન, Page-40)

* * * * * *

**1882 માં ઇંગ્લેંડમાં સ્કોલર્સની એક સમિતિ રચાઈ, નામ પડ્યું – બ્રિટીશ સોસાયટી ફોર સાઈકિકલ રિસર્ચ. (બ્રિટનની આધ્યાત્મિક અનુસંધાન કરનારી સમિતિ) એમાં ફક્ત બ્રિટનના જ નહીં પણ યુરોપના બધા જ પ્રગતિશીલ દેશોના વિદ્વાનો અને વૈજ્ઞાનિકો જોડાયા હતા,** આ સમિતિએ છેલ્લા ૧૨૦ વર્ષમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી રિસર્ચ કર્યું અને As a result - 2 વિદ્યાઓનું પ્રચલન વધ્યું. – (1) Psychical Research (2) Para - psychology. જેમાં પુનર્જન્મ વગેરેના સિદ્ધાન્તો પર સંશોધન કરી તેમને પ્રમાણિત કરવામાં આવ્યા છે. In short, હવે જો કોઈ આત્માને ઈન્કારે તો એ પછાત અને 'ઢ' સાબિત થાય.

❋

# PRINCIPAL

## – દેહ–અન્યત્વ

**अन्नं इमं सरीरं, अन्नो जीवो त्ति णिच्छयमई उ ।**
**दुक्खपरिकिलेसकरं, छिंद ममत्तं सरीराओ ।।**

આ શરીર જુદું છે
અને આત્મા જુદો છે
એવું તું ચોક્કસ સમજી લે
અને
'શરીર મારું છે' આવું માનવાનું છોડી દે
તોડી દે તારા મમત્વને,
એ જ તારા દુઃખ અને પરિશ્રમનું મૂળ છે.

**જૈન આગમ પરમ પાવન શ્રી સંસ્તારક પ્રકીર્ણક સૂત્ર**

ભગવાન શ્રીમહાવીરસ્વામી કહે છે -
તું શરીર નથી, તું આત્મા છે,
જેમ કપડાં એ તારાથી જુદા છે
તેમ શરીર પણ તારાથી જુદું જ છે.
ભગવાનની આ વાત સ્વીકારી રહ્યા છે
યુરોપના હાઈલી ક્વૉલિફાઈડ સ્કોલર્સ...

## *I'm Sir William Johns*

### (હું – સર વિલિયમ જોન્સ)

૧૭૪૬ થી ૧૭૯૪ વચ્ચે મારું એક્ઝીસ્ટન્સ હતું, હું ઈંગ્લેંડનો મહાન વિદ્વાન ગણાતો હતો. મેં યુરોપને ભારતીય તત્ત્વજ્ઞાનનો પરિચય આપ્યો હતો.

**હું હિંદુ નથી, પણ હિંદુઓનો પુનર્જન્મ વિષેનો સિદ્ધાન્ત, ખ્રિસ્તીઓ વડે પ્રતિપાદિત થતા અનંત નરકયાતના વિષેના અભિપ્રાયો કરતા વધારે વિવેકબુદ્ધિયુક્ત છે, વધુ ધર્મભાવનાવાળો છે અને મનુષ્યને દુર્ગુણોથી વધુ વિમુખ કરનાર છે, એવુ હું માનું છું.**

(એજન – Page-160)

*          *          *          *          *          *

## *I'm Arthur Schopenhauer*

### (હું – આર્થર શોપનહોવર)

હું એક પ્રસિદ્ધ જર્મન તત્ત્વચિંતક છું. હું જોઈ શકું છું કે પુનર્જન્મ એ માનવજાતના સૌથી પ્રાચીન અને ઉચ્ચતમ યુગોમાંથી પાંગરેલો સિદ્ધાન્ત છે. મોટા ભાગના લોકોને એમાં વિશ્વાસ હોવાથી સમગ્ર પૃથ્વી પર પ્રસરેલો સિદ્ધાન્ત છે.

મનુષ્ય મૃત્યુ સમયે અદૃશ્ય થઈ જાય છે, પણ તેથી આપણે કશું જ ગુમાવતા નથી, કારણ કે એ તો માત્ર એક પ્રગટીકરણ છે – એક જુદા તત્ત્વનું, કે જે સમય, જન્મ અને મૃત્યુથી અજ્ઞાત છે. **આપણે જ્યારે મૃત્યુ પામીએ છીએ ત્યારે વપરાઈ ગયેલા વસ્ત્રની જેમ આપણા મનુષ્યત્વનો ત્યાગ કરીએ છીએ અને નવા-ચડિયાતા વસ્ત્રો મળવાનો આનંદ માણીએ છીએ.** (એજન – Page-186)

PRINCIPAL

– ભવાન્તરગતિ

से णं भंते ! णिसढे अणगारे
कालमासे कालं किच्चा
कहिं गते ?
कहिं उववण्णे ?

હે ભગવંત !
તે નિષઢ શ્રમણ મૃત્યુ સમયે
મૃત્યુ પામીને ક્યાં ગયા ?
ક્યાં ઉત્પન્ન થયા ?

જૈન આગમ પરમ પાવન શ્રીવૃષ્ણિદશા સૂત્ર
ભગવાન શ્રી મહાવીરસ્વામી અને સર્વ તીર્થંકરો
પોતાના શિષ્યો કે બીજા પણ જીવો
મરીને ક્યાં ગયા ?
ક્યાં જન્મ પામ્યા તે સ્પષ્ટપણે જાણતા હતા
બીજા ભવમાં જવાની આ પ્રક્રિયાને
આ ભવાન્તરગતિના સિદ્ધાન્તને સ્વીકારી રહ્યા છે
એક મોટા ખ્રિસ્તી પાદરી
અને એક મોટા પ્રોફેસર...

## *I'm Dr. Edward Beeches*

## (હું – ડો. એડવર્ડ બીચિસ)

ઘણા બધા ચર્ચોના ધાર્મિક સંગઠનનો હું પાદરી છું. મારું એક્ઝીસ્ટન્સ ૧૮૦૩ થી ૧૮૯૫ વચ્ચે હતું.

૧૮૫૩ માં મારી એક બુક Publish થઈ, જેનું એસેન્સ આ હતું કે – આ જન્મની રિઝનેબલ સમજૂતી માટે પૂર્વજીવન સંબંધી ઉપદેશ આવશ્યક છે. તથા આ દુનિયામાં થતાં પાપ, નીતિભ્રષ્ટતા અને દુષ્ટતાની કુભાવનાના આરોપથી પરમાત્માને મુક્ત કરવા આ સિદ્ધાન્ત સ્વીકારવો અનિવાર્ય છે.

**મારી આ બુક ખૂબજ ચર્ચાસ્પદ બની, લોકોએ એની સામે ખૂબ વાંધા-વચકા ઉઠાવ્યા. મેં તરત જ એ બધા જ વાંધા-વચકાનો સંતોષકારક જવાબ મારી બીજી બુકમાં આપ્યો અને મારું મંતવ્ય વધારે મજબૂત બનાવ્યું હતું.**

ફર્સ્ટ બુકનું નામ હતું – **The conflict of Ages. સેકન્ડ બુકનું નામ હતું. – The concord of Ages.** (એજન – Page-47)

*     *     *     *     *     *

## *I'm Prof. Thomas H. Huxley*

## (હું – પ્રો. થોમસ એચ. હક્સલે)

**હું એક બ્રિટીશ બાયોલોજી-સ્કોલર અને ચિંતક છું. હું સ્પષ્ટ માનું છું કે જેઓ ઊંડો વિચાર નથી કરતા, જેઓ સમજતા નથી અને એમ ને એમ નિર્ણય લઈ લે છે, તેઓ જ પુનર્જન્મના સિદ્ધાન્તને મૂર્ખતાની વાત સમજે છે, ને તેઓ તેનો વિરોધ કરે છે. દેહાંતરવાદનો સિદ્ધાન્ત એકદમ સાચો છે.** (એજન – Page-289)

# PRINCIPAL

## – જન્માન્તર

**बिभेलसन्निवेसे माहणकुलंसि**
**दारियत्ताए पच्चायाहिति ।**

હે ગૌતમ !
એ જીવ બિભેલસંનિવેશમાં
બ્રાહ્મણકુળમાં દીકરી-રૂપે
જન્મ પામશે.

**જૈન આગમ પરમ પાવન**
**શ્રી પુષ્પિકા ઉપાંગ સૂત્ર**

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ
કેવળજ્ઞાનના પ્રકાશમાં દરેક જીવની શાશ્વતતા જોઈ હતી
માટે જ ભગવાને કહ્યું હતું કે
મૃત્યુ એ જીવનું પૂર્ણવિરામ નથી.
ભગવાનની આ વાતને સ્વીકારી રહ્યા છે-
ટોપ ક્લાસના એજ્યુકેટેડ્સ...

## *I'm Annie Besant*

(હું – એની બેસેન્ટ)

હું થિયોસોફિકલ સોસાયટીનો વિચારક છું. હું ચોક્કસ માનું છું કે પુનર્જન્મ એક એવું સત્ય છે કે જેણે અગણિત સદીઓથી હજારો લોકોના માનસ ઉપર પ્રભાવ પાડ્યો છે, અંધાર યુગમાં પશ્ચિમી બુદ્ધિમાંથી આ મતનો નિકાલ થયો. જેને કારણે આપણો માનસિક અને નૈતિક વિકાસ સ્થગિત થયો, અજ્ઞાનતાનું એવું પૂર આવ્યું કે જેને લઈને યુરોપમાં પુનર્જન્મ વિષેની આસ્થા ચાલી ગઈ. અધ્યાત્મજ્ઞાન ચાલ્યું ગયું. તત્ત્વજ્ઞાન ચાલ્યું ગયું અને વિજ્ઞાન પણ ચાલી ગયું. મધ્યકાલીન યુરોપ એવું વાતાવરણ જ પૂરું ન પાડી શક્યું કે જેમાં માનવીય પ્રકૃતિ અને પ્રારબ્ધને સમજાવતો તાત્ત્વિક વ્યૂહ વ્યાપક થઈ શકે. (એજન – Page - 67)

**(પ્લીઝ ભારતીયો ! અમારા પશ્ચિમના રવાડે ચડીને તમે તમારું અમૂલ્ય જ્ઞાન ન ગુમાવશો, નહીં તો તમારું ય અમારી જેમ બધી રીતે પતન થશે.)**

* * * * * *

## *I'm Socrates*

(હું – સોક્રેટીસ)

**હું વર્લ્ડ-ફેમસ ગ્રીક તત્ત્વજ્ઞાની છું. મને પૂર્ણ વિશ્વાસ છે કે ખરેખર પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ છે. મરણ પામેલાનો ફરી જન્મ થાય છે અને મરણ પામેલાનો આત્મા હંમેશા અસ્તિત્વ ધરાવે છે. મૃત્યુ એ સ્વપ્ન વગરની નિદ્રા છે અને પુનર્જન્મનું દ્વાર છે.**

(પુનરાગમન – Page-12)

P R I N C I P A L

## – જિનભક્તિફળ

**उत्तमकुलसंपत्तिं**
**सुहणिप्फत्तिं च कुणइ जिणभत्ती ।**
**मणियारसिट्ठिजीवस्स दद्दुरस्सेव रायगिहे ।।**

જિનેશ્વર ભગવંતોની ભક્તિથી બીજા જન્મમાં
શ્રેષ્ઠ ઘરમાં જન્મ મળે છે
અને અઢળક સુખ મળે છે.
જેમ કે મણિયાર શેઠના જીવ દેડકાને
જિનભક્તિનું તેવું ફળ મળ્યું.

**જૈન આગમ પરમ પાવન શ્રી ભક્તપરિજ્ઞા સૂત્ર**

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ આત્મા
અને પરલોક આ બે-ના આધારે
ધર્મની સાર્થકતા જણાવી હતી.
આત્મા છે, જે પરલોકમાં ધર્મનું ફળ મેળવે છે,
માટે ધર્મ સાર્થક છે.
પ્રભુએ કહેલી આત્મા અને પરલોકની વાતને
સ્વીકારી રહ્યા છે.
એક ખ્રિસ્તી પાદરી અને વિદ્વાન લેખક....

# *I'm William R. Alger*

## (હું – વિલિયમ આર. એલ્જર)

હું એક ખ્રિસ્તી પાદરી અને વિદ્વાન લેખક હતો. મેં અમરતા વિષે બહુ મહત્ત્વપૂર્ણ લખાણ કર્યું હતું. જેનું શિર્ષક હતું – A critical History of the Doctrine of a future Life. આનું Publication તો ૧૮૬૦ માં થયું, આ ગ્રંથની પહેલી આવૃત્તિમાં તો મેં એવું જણાવ્યું કે પુનર્જન્મ એ ફક્ત એક ભ્રમ જ છે, એમાં બિલકુલ વિશ્વાસ કરવા જેવો નથી.

પણ પછી ૧૫ વર્ષ સુધી મેં સતત સ્ટડી અને રિસર્ચ કર્યું અને તેના સોલિડ રિઝલ્ટ રૂપે છેલ્લી આવૃત્તિ ૧૮૭૮ માં બહાર પાડી. તેમાં મેં પુનર્જન્મની ટોટલી ફેવર કરીને એનું સમર્થન કર્યું.

**તમે પુનર્જન્મના વિરોધમાં ગમે તેટલી દલીલો કરો, છતાં એ બધા કરતા પણ મહત્ત્વપૂર્ણ વાત એ રહેશે કે મારા જેવો એક ખ્રિસ્તી પાદરી 'આત્મા' ના અસ્તિત્વના પ્રશ્નને પોતાનો લાઈફ-સ્ટડી બનાવે ને પરિશ્રમપૂર્વક એમાં રિસર્ચ કરીને એનું નિશ્ચિત તારણ આપી દે.**

પુનર્જન્મ બિલકુલ ભ્રમ નથી. એ સત્ય છે. એ છે જ. તમે જોઈ શકશો કે તમામ વૈચારિક તથા સંસ્કરણ પામેલી ભાવિ જીવન વિષેની જુદી જુદી માન્યતાઓમાં સહુથી વધુ વિસ્તૃત અને વ્યાપક માન્યતા પુનર્જન્મની જ છે, મેજોરિટી લોકો એની ફેવરમાં છે અને મોટા દેશોમાં આ માન્યતા સારી પ્રતિષ્ઠા પામી છે.

✳

## PRINCIPAL

## – ભવપરંપરા

सच्छंदगतिपयारा
जीवा संसारसागरे ।
कम्मसंताणसंबद्धा
हिंडंति विविहं भवं ।।

સંસાર સાગરમાં પોતાની મનમાનીથી
જિનવચનની અવગણના કરનારા જીવો
સાનુબંધ-જેમની સાઈકલ ચાલે
એવા કર્મોથી બંધાય છે
અને વિવિધ જન્મોમાં ભટકે છે.

**જૈન આગમ પરમ પાવન શ્રી ઋષિભાષિત સૂત્ર**

ભગવાન શ્રીમહાવીરસ્વામીએ
ભવપરંપરા
એટલે કે જન્મપરંપરા વિષે
સ્પષ્ટ નિર્દેશ કર્યો હતો,
જેનો સ્વીકાર કરી રહ્યા છે
અમેરિકાના ટોચના સાયન્ટીસ્ટ અને રાજપુરુષ...

# *I'm Benjamin Franklin*

## (હું – બેન્જામિન ફ્રેન્કલીન)

હું અમેરિકાનો વર્લ્ડ-ફેમસ રાજપુરુષ છું, તત્ત્વજ્ઞ છું. અને સાયન્ટીસ્ટ પણ છું. જ્યારે હું ભગવાનના કોઈ પણ કાર્યનો સંપૂર્ણ નાશ જોતો નથી, પાણીનું ટીપું ય ફાજલ જતું જોતો નથી, તો આત્માના વિનાશનો તો સંશય જ ન કરી શકું અથવા અવિશ્વાસ ન કરી શકું.

**તેથી જ આ જગતમાં અસ્તિત્વ પામીને મને વિશ્વાસ છે કે હું એક અથવા બીજા આકારે સદાય વિદ્યમાન રહીશ અને માનવીય જીવન જે અગવડો માટે જવાબદાર છે. તેને જોતા મને મારી જ નવી આવૃત્તિનું સંપાદન મેળવવામાં વાંધો નથી. જેથી પૂર્વની ક્ષતિઓની સુધારણા થઈ શકે.**

આત્મા એક દેહના મૃત્યુ પછી બીજો દેહ પ્રાપ્ત કરે છે. મૃત્યુને હું એક અનિવાર્ય નિદ્રા માનું છું. પ્રભાતે આપણે તાજગીભર્યા ઉઠીશું.

✻

આપણે વિચારીએ છીએ કે આપણે મોડર્ન છીએ, આપણે બહુ જ ફોરવર્ડ છીએ, આપણે એવું બધું સમજી ચૂક્યા છીએ, જે આપણા મા-બાપ કે પૂર્વજો ન'તા સમજ્યા. એ બધા આત્મા ને પરલોકના ભ્રમનો ભોગ બન્યા હતા. તેઓ ટોટલી મિસ-અન્ડરસ્ટુડ હતા, તેથી જ તેઓ મર્યાદા, સદાચાર, ધર્મ, પાપનો ડર વગેરેને કારણે આપણા જેવું ફ્રી કલ્ચર એન્જોય ન કરી શક્યા. તેઓ મૂર્ખ બન્યા, આપણે હોંશિયાર છીએ, બરાબર ને ?

**આપણે આવું વિચારીએ છીએ, માટે જ આપણે મૂર્ખ છીએ. We don't know, કે આપણા કરતા પણ ૧૦૦ ગણા મોડર્ન અને આપણા કરતા ૧૦૦૦ ગણા ઈન્ટેલિજન્ટ અને એજ્યુકેટેડ લોકો 'આત્મા' ના વિષયમાં ડીપ સ્ટડી કરી રહ્યા છે. ડીપ રિસર્ચ કરી રહ્યા છે અને પુનર્જન્મ, જાતિસ્મરણ વગેરેના ચોક્કસ પુરાવાઓ જોઈને આત્માના અસ્તિત્વને સ્વીકારી રહ્યા છે.**

તેઓ સ્પષ્ટ જોઈ રહ્યા છે કે ભગવાન મહાવીરસ્વામીએ જે જે વાત કહી હતી તે અક્ષરશઃ સત્ય છે, અને માટે જે તેમના ઉપદેશનું અનુસરણ કરવું એ ઈન્ટેલિજન્સી છે અને તેને નીગલેક્ટ કરવો, એ જ સ્ટુપિડનેસ છે.

ઘણા હાઈલી મોડર્ન અને ટોટલી એજ્યુકેટેડ લોકોએ આ વિષયમાં જે સ્ટડી અને રિસર્ચ કર્યો, તેનો સારાંશ તેમણે આ પુસ્તકોમાં રજુ કર્યો છે. જો હજુ તમને કંઈ ડાઉટ હોય, તો તમે આ પુસ્તકો વાંચી શકો છો.

## ENGLISH BOOKS

- **Life after Life (જીવન પછીનું જીવન)**
- **Life Before Life (જીવન પૂર્વેનું જીવન)**
- **Recollection of Death (મૃત્યુની સ્મૃતિ)**
- **What Death is Like ? (મૃત્યુ શેના જેવું છે ?)**
- **Predilection of Death (મૃત્યુની અભિરુચિ)**
- **Death Education (મૃત્યુનું શિક્ષણ)**
- **The Meaning Of Death (મૃત્યુનો ફર્થ)**
- **Near Death Experiences (મૃત્યુ નજીકના અનુભવો)**
- **The Experience Of Dying (મરવાના અનુભવો)**

- The Meaning Of Dreams (સ્વપ્નાનું અર્થઘટન)
- The Reality Of Death Experiences (મૃત્યુ નજીકના અનુભવોની વાસ્તવિકતા)
- The Case Of Reincarnation (પુનર્જન્મનો કિસ્સો)
- The Nature Of Personal Reality (વ્યક્તિગત વાસ્તવિકતાનું સ્વરૂપ)
- Death & Its Mystery (મૃત્યુ અને તેનું રહસ્ય)
- What Is Life ? (જીવન શું છે ?)
- Pre-Existence (પૂર્વ અસ્તિત્વ)
- Transmigration Of Souls (આત્માઓનું પરલોકગમન)
- Did You Live Before ? (શું તમે પહેલા જીવતા હતા ?)
- The Evidence For Survival From Claimed Memories Of Former Incarnations (પૂર્વ જન્મોની સ્મૃતિને આધારે અસ્તિત્વના પુરાવા)
- Symbols Of Eternal Life (શાશ્વત જીવનના ચિહ્નો)
- Belief In A Future Life (ભાવિ જીવનમાં વિશ્વાસ)
- Experiencing Re-Incarnation (પુનર્જન્મની અનુભૂતિ)
- Reincarnation (પુનર્જન્મ)
- Reincarnation : Fact Or Fallacy (પુનર્જન્મ : હકીકત કે જુઠાણું)
- We Do Not Die (આપણે મરતા નથી)
- How Do You Live When You Die ? (તમે મર્યા પછી કેવી રીતે જીવો છો ?)
- The Problems Of Rebirth (પુનર્જન્મની સમસ્યાઓ)
- The Death Is Not The End (મૃત્યુ એ અંત નથી)
- Mysteries Of Life & Death (જીવન અને મૃત્યુનું રહસ્ય)
- Yes We Do Survive (હા, આપણું અસ્તિત્વ કાયમી છે.)
- Childrens Past Lives (બાળકોના પૂર્વજન્મો)
- For Her Past Life Children (સમય અને મૃત્યુને પેલે પાર : પૂર્વજન્મના સંતાનો માટે એક માતાની શોધ)
- Old Souls (પ્રાચીન આત્માઓ)
- Across Time and death (A Mother's Search)

## ગુજરાતી બુક્સ

- જન્મ પુનર્જન્મ
- મૃત્યુને પેલે પાર
- પુનર્જન્મ એક વાસ્તવિકતા
- મૃત્યુ પછીના જીવનનું રહસ્ય
- પુનર્જન્મની ઘટનાઓ
- ચમત્કારોની દિલધડક દાસ્તાન
- એફ – ૩
- એફ – ૪
- એફ – ૫
- એફ – ૬

## हिन्दी बुक्स

- परलोक और पुनर्जन्म की सत्य घटनाएँ (गीता प्रेस)
- कल्याण– परलोक और पुनर्जन्माङ्क (गीता प्रेस)

*At Last* અહીં આમ જોઈએ તો આ બધાં જ

PRINCIPALS

એક વસ્તુ તો કોમન પ્રુવ કરે છે

તે છે

શરીરથી જુદો આત્મા

આત્માનું પરલોકગમન

અને

ભગવાન શ્રી મહાવીરસ્વામીની વાણીની

અક્ષરશઃ સત્યતા.

**જ્યારે આપણે નજર સામે જ**

**આ Reality ને જોઈ રહ્યા છીએ**

**તો પછી**

**આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી**

**આવા Base પરની Life-style કેમ અપનાવવી ?**

**શા માટે જાણી જોઈને Stupid બનવું ?**

**શા માટે પરલોકમાં આપણા આત્માને દુઃખી કરવો ?**

**Plz. Think well**

**You are a wise person.**

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ ચીંધેલા

સાચા સુખના રસ્તે આજે પણ કરોડો લોકો ચાલી રહ્યા છે

તેઓ પરલોકને તો સુધારી જ રહ્યા છે

આલોકમાં પણ આરાધનાના અનેરા આનંદને માણી રહ્યા છે.

આપ પણ આ પાવન માર્ગે પધારો.

આપનું હાર્દિક સ્વાગત છે.

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્

આસો પુનમ, વિ. ૨૦૭૬, શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ.

**લિસ્ટ નંબર : ૬, ભા.સુ.૬, વિ.૨૦૭૭, ૧૨-૦૯-૨૧ સુધીના પુસ્તકો**

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૧૭ થી ૨૦
૨. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૨૧ થી ૨૪
૩. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૨૫ થી ૨૬

## BOOKS FOR THE JAINS

૧. **નૈમિત્તિક** - જિનશાસનના આઠ પ્રભાવકોમાં ચોથા પ્રભાવક
૨. **યાદ આવે મોરી મા** - ગુરુદેવશ્રીના સંસ્મરણો
૩. **વહેણ** - વિવિધ લેખો
૪. **સદ્ગુરુ** - ગુરુદેવશ્રીના આલંબને ગુરુતત્ત્વનો સાક્ષાત્કાર
૫. **પર્યુષણ-૨** - પ્રવચનધારા (હસ્તલિખિત) વિ.૨૦૭૩
૬-૭. **ગુરુદેવ-૧,૨** - યાદ આવે મોરી મા, સદ્ગુરુ આદિ પ્રવચનધારા (હસ્તલિખિત)
૮. **પર્યુષણ-૩** - આંશિક પ્રવચનો (વિ.૨૦૭૭)
૯. **વેરાયટી** - વિવિધ લેખો
૧૦-૧૧. **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** - હસ્તલિખિત પ્રવચનધારા - ભાગ ૧૭, ૧૮

## BOOKS FOR GURU BHAGWANTS

૧. **મરણસમાધિપ્રકીર્ણક** - આગમસૂત્ર - જયિની - નૂતનવૃત્તિ - ભાગ-૨
૨. **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક** - આગમસૂત્ર - હૈમી - નૂતનવૃત્તિ
૩. **સંવેગ સંવાદ** - શ્રમણ વાચના
૪. **વીરસ્તવપ્રકીર્ણક** - આગમસૂત્ર - રાજમાના - નૂતનવૃત્તિ
૫. **શ્રામણ્યધારા** - ધર્મબિન્દુ - અણગાર ધર્મવાચના - હસ્તલિખિત
૬. **સંયમધારા** - ધર્મબિન્દુ - અણગાર ધર્મવાચના - હસ્તલિખિત

## PEMPFLATE FOR JAINS

**a. આ છે ગિરિરાજ અમારો** - રેડી ફુલસ્કેપ નોટ બુક, ૮ તૈયાર મુખપૃષ્ઠો + દરેક પાના ઉપર નવું સુવાક્ય
**b. ઉયરયક્ષભય જિનશાસન** (ગુ.હિં.અં.) - શત્રુંજય સુરક્ષા પ્રેરણા

Book link - bit.ly/priyambooks
આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.